
## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



હવે ટીવી બંધ કરી કામ કરો... જજ અને હજ...
બે જ સમાચાર ચાર દિવસથી જોઈ રહ્યા છો...

# ગાંધીનગરના યુવાનોનું નેશનલ યુથ ફેસ્ટિવલમાં પરફોર્મન્સ

ગાંધીનગરની સેકટર-૨૩ સ્થિત અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજના એનએસએસ યુનિટના ચાર યુવાનોએ તાજેતરમાં દિલ્હી નજીક નોઈડા ખાતે સ્વામી વિવેકાનંદ જયંતિ નિમિત્તે યોજાયેલ નેશનલ યુથ ફેસ્ટિવલમાં પસંદગી પામી પરફોર્મ કર્યું હતું. આ યુવાનોએ યુથ પાર્લામેન્ટ કાર્યક્રમમાં પણ ભાગ લઈ 'યુવાનોની રાષ્ટ્ર પ્રત્યેની જવાબદારી સાથે હક અને ફરજો' વિષયે પોતાના અભિપ્રાયો રજુ કરી સૌને પ્રભાવિત કર્યા હતા.

એનએસએસના સ્વયંસેવકો વર્ષ દરમિયાન વિવિધ સામાજિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો જેવા કે ગરબા, સ્કીટ, લોકનૃત્ય, વકતૃત્વ સ્પર્ધા, ડિબેટ ઉપરાંત એનએસએસ પરેડમાં ભાગ લેતા હોય છે. આ પ્રવૃત્તિઓમાં તેમની આવડત તથા પ્રદર્શનના આધારે તેમની નેશનલ યુથ ફેસ્ટિવલ માટે પસંદગી થાય છે. જેમાં દેશભરમાંથી આવેલ યુવા પ્રતિભાઓ ભાગ લે છે. એ.એ. પટેલ કોમર્સ કોલેજમાંથી આ વર્ષે જયમીન પટેલ, અજય ગુસાઈ, નિલાંજના રાય અને પિંકલ પટેલની પસંદગી થવા પામી હતી. નોઈડાની ગૌતમ બુધ્ધ યુનિવર્સિટી ખાતે યોજાયેલ પાંચ દિવસીય નેશનલ યુથ ફેસ્ટિવલમાં આ ચારેય યુવાનોએ વકતૃત્વ સ્પર્ધા, ગરબા, નાટક તથા લોકનૃત્ય ઉપરાંત યુથ પાર્લામેન્ટમાં ભાગ લઈ સૌને પ્રભાવિત કર્યા હતા.

આ યુવાનોના ઉત્કૃષ્ઠ પ્રદર્શનને કારણે ગાંધીનગર શહેર, કેએસવી યુનિવર્સિટી તથા કોલેજનું નામ રાષ્ટ્રીય કક્ષાએ રોશન થવા પામ્યું છે. આ ચારેય વિદ્યાર્થીઓને કોલેજના આચાર્ય ડૉ. વિજ્ઞાબેન ઓઝાએ અભિનંદન પાઠવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે ચારેય યુવા સ્વયંસેવકોને સંપૂર્ણ માર્ગદર્શન કોલેજના એનએસએસ યુનિટના પ્રોગ્રામ ઓફિસર ડૉ. રણછોડ રથવી દ્વારા પ્રાપ્ત થયું હતું.



વાવોલ ખાતે ઓમ રેસિડેન્સી તથા વૈદેહી રેસિડેન્સીના સહયોગથી ગાંધીનગરની લાયન્સ કલબ દ્વારા વિના મૂલ્યે નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં સોસાયટીના વસાહતીઓએ નેત્ર નિદાન સેવાઓનો લાભ લીધો હતો.

# ડભોડાના ઓએનજીસી વેલ પરથી ક્રુડ ઓઈલની ચોરી કરનાર સાત ઝડપાયા

### ૧૩.૬૫ લાખના મુદ્દામાલ સાથે સાત ઓઈલ ચોરોને એલસીબીની ટીમે દબોચી લીધા : ૧૫ જેટલા ઓઈલ ચોરીના ગુનાનો પર્દાફાશ

ગાંધીનગર, તા. ૨૧

ડભોડા ખાતે ઓએનજીસી તેલ કુવામાંથી રૂ. ૧.૭૮ લાખનું ક્રુડ ઓઈલ ચોરી કરવામાં આવ્યું હોવાની ફરિયાદ ડભોડા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. ગાંધીનગર એલસીબીની ટીમે ચોક્કસ બાતમીને આધારે રૂ. ૧૩.૬૫ લાખના વાહનો સહિતના ઓઈલ ચોરો પકડવા સક્રીય હતી. દરમ્યાન ચોક્કસ બાતમીને આધારે સાત શખ્સોને પકડી પાડ્યા છે. મહેમદાવાદના પુનમ કેસર ઠાકોર, વટવાનો પ્રદિપ ઘનશ્યામ મીણા, દસક્રોઈના અલ્પેશ ઉર્ફે વિપુલ પ્રભુદાસ વાટલીયા, તળાજાના ગોપાલ નજા ભરવાડ, ગુલાબ ઓઈલનું કનેક્શન આપી ૬૭૩૦ લીટર ઓઈલ ચોરી લીધુ હતુ. આ જથ્થો ભાવનગર લઈ જઈને વેચી મારીને સરખા ભાગે રૂપિયા વહેંચી લીધા હતા. છેલ્લા છ-સાત મહિનામાં ગુજરાતના અલગ અલગ જિલ્લાઓ જેવા કે ખેડા, આણંદ ખાતે પણ ઓઈલ ચોરીની ગુનાઓ આચર્યા છે.



મુદ્દામાલ સાથે સાત ઓઈલચોરોને દબોચી લીધા છે. સાતેયની ઊંડી પુછપરછમાં ઓઈલ ચોરીના ૧૫ જેટલા ગુનાઓ ઉકેલાવા પામ્યા છે. સાતેયનું ઈન્ટ્રોગેશન હજુ ચાલુ છે.

ડભોડા પોલીસ સ્ટેશનમાં ૩જી જાન્યુઆરીએ ઓએનજીસીના ૧૬ નંબરના તેલ કુવામાંથી ૬૭૩૦ લીટર ક્રુડ ઓઈલ ચોરાયુ હતુ. આ મામલે ગુનો દાખલ થયો હતો. ગાંધીનગર એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીત અને તરલ ભટ્ટની ટીમો આ આંઠભાઈ વેગડ, કિશન શંકરલાલ ભટ્ટ અને ફઝલ અબ્બાસ ઊર્ફે પેંડો રમજાનઅલી ભરાણી મળીને સાત શખ્સોને લીંબડીયા કેનાલ પાસેથી ગુનામાં વપરાયેલા ઓઈલના ટેન્કર, ક્વોલીસ ગાડી, પલ્સર બાઈક અને ૯ નંગ મોબાઈલો મળીને કુલ રૂ. ૧૩,૬૫,૫૦૦ના મુદ્દામાલ સાથે પકડી પાડ્યા છે. પુછપરછમાં બહાર આવ્યું કે આ ગેંગે સિક્યુરીટી ન હોવાનો લાભ લઈને ચોરીનો પ્લાન બનાવી પાઈપ મારફતે ટેન્કરમાં ૧૫ જેટલા ગુનાઓના ભેદ ઉકેલાયા છે. આ આરોપીઓ પૈકી પુનમ અને અલ્પેશ અગાઉ ઓએનજીસીના વેલમાં ફરતા ટેન્કરમાં ડ્રાઈવર-કલીનર રહી ચુકયા છે અને કુવાઓથી વાકેફ છે. જ્યા સિક્યુરીટી ન હોય તેવા કુવા ટાર્ગેટ કરવા રેકી કરીને ઓઈલ ચોરી આ ગેંગ કરતી હતી. આરોપી પ્રદિપ મીણા સટ્ટામાં લાખો રૂપિયા હારી જતા દેવુ થઈ જતા આ રવાડે ચઢ્યો હોવાનું બહાર આવ્યું છે.

# પદ્માવત ફિલ્મના વિરોધમાં બસો સળગાવવાના મામલે ત્રણ ગુના નોંધાયા

### ચિલોડા, માણસા અને કલોલ તાલુકામાં ટોળા સામે નોંધાયેલા ગુનામાં ૧૫ જેટલા પોલીસને મળ્યા : ધરપકડ માટે તજવીજ શરૂ

ગાંધીનગર, તા.૨૧

પદમાવતના વિરોધમાં ગઈ કાલે બપોરથી રાત સુધીમાં ગાંધીનગર જિલ્લાના અલગ અલગ વિસ્તારોમાં બસો સળગાવવામાં આવી, હાઈવે પર ટાયરો સળગાવવામાં આવ્યા. ચક્કાજામ કરવામાં આવ્યો. બાલવા, માણસા, ધોળાકુવા, સીટી પલ્સ, ધણપ તથા સરગાસણ રોડ પર વિરોધ પ્રદર્શન થયા હતા. બસ સળગાવવાના પ્રયાસને મામલે કલોલ તાલુકા, માણસા અને ચિલોડા પોલિસ સ્ટેશનમાં ટોળા સામે ગુના નોંધાયા છે. ટોળામાં કોણ કોણ હતું તેની તપાસ તેજ કરીને પોલિસે ૧૫ જેટલા વ્યકિતઓના નામ મેળવી લીધા છે તેમની ધરપકડ માટે પોલિસ દોડતી થઈ છે.

ગાંધીનગરમાં ગઈ કાલે ઠેર ઠેર થયેલા વિરોધ પ્રદર્શન પૈકી બાલવા ખાતે સળગાવવામાં આવેલી બસને મામલે કલોલ તાલુકા, આજોલના વિરોધમાં માણસા અને ધણપ ખાતે બસ સળગાવવાના મામલે ચિલોડા પોલિસ સ્ટેશનમાં ગુનો દાખલ કરી ટોળામાં રહેલા આરોપીઓ શોધવા પોલિસે તપાસ શરુ કરી છે. પોલીસને ૧૫ જેટલી વ્યકિતઓના નામ મળી ગયા છે. જે તોડફોડ અને આગચંપીમાં સામેલ હતા. તેમની ધરપકડ કરવા દોડધામ શરુ કરી છે. આરોપી પકડાયા બાદ તેમના ઈન્ટ્રોગેશન કરીને અન્ય ફરાર આરોપીઓ પકડીને કડક કાર્યવાહી કરવામાં આવશે તેમ પોલિસ અધિકારીઓનું કહેવું છે. ગાંધીનગર એસપી વિરેન્દ્રસિંહ યાદવે લોકોને શાંતિ જાળવવા અપીલ કરી છે.



## પીલવાઈ રોડ પર કપચીના ઢગલા કરીને ચક્કાજામ કરાયું

પદ્માવત ફિલ્મ રિલીઝના મુદ્દે કરણીસેના, રાજપુત સેના અને મહાકાલ સેનાએ રાજયવ્યાપી વિરોધ પ્રદર્શન શરુ કર્યા છે. ગઈ કાલે ગાંધીનગરમાં ઠેર ઠેર ચક્કાજામ, આગચંપી અને બસોમાં તોડફોડ કરી વિરોધ કરવામાં આવ્યો હતો ત્યારે આજે મહુડી હાઈવે પર આવેલા પિલવાઈ ગામના પાટીયા પાસે રોડ ઉપર કપચીના ઢગલા કરી દઈને ચક્કાજામ કરવામાં આવ્યો હતો. જો કે પોલીસે સ્થળ પર પહોંચીને કપચીના ઢગલા હટાવડાવી દઈ ટ્રાફીક હળવો કરી દીધો હતો.

## કલોલ-છત્રાલ હાઈવે પર ચક્કાજામ કરાયો

પદ્માવતના વિરોધમાં કરણીસેનાના કાર્યકરો દ્વારા ગાંધીનગર જિલ્લાના કલોલ-છત્રાલ હાઈવે પર ચક્કાજામ કર્યો હતો. મોટી સંખ્યામાં હાઈવે ઉપર ઉતરી આવેલા કાર્યકરોએ રસ્તા બ્લોક કરાવી દેતા ટ્રાફીક જામની ભયંકર સ્થિતિ ઉભી થવા પામી હતી. પોલીસે સ્થળ પર પહોંચીને ટ્રાફીક હળવો કર્યો હતો.

## પદ્માવત ફિલ્મ રીલીઝ ન કરવા બાબત

૨૫ જાન્યુઆરી ૨૦૧૮ના રોજ જે પદ્માવત મૂવી રીલીઝ થવાનુ છે. તે ફિલ્મ રાજપુતાના યુવા યુનીટી ઓફ વિરમગામ અને હિન્દુ સેનાના વિરોધના બાબતે વિરમગામના એચ-વર્લ્ડ સીનેમા ઘરમાં ફિલ્મ રીલીઝ ના કરવા માટે વિરોધ બતાવતા અમો બાહેધરી પત્ર લેખીતમાં આપેલ છે. અને આ ફિલ્મ બીજી થીયેટરમાં ચાલુ હશે તો જ અમે આ ફિલ્મ અમારા થીયેટરમાં બતાવીશુ. અને જો દરેક થીયેટરમાં બંધ રહેશે તો અમારૂ થીયેટર પદ્માવત ફિલ્મ માટે બંધ રાખવા માટેની બાહેંધરી આપીએ છીએ. અને અમને રાજપુતાના યુવા યુનીટી ઓફ વિરમગામ અને સમસ્ત હિન્દુ સેના મંજુરી આપશે તો જ અમે પદ્માવત ફિલ્મ બતાવીશુ.

# પદ્માવત ફિલ્મના પ્રસારણના મામલે રાજ્યમાં શાંતિ અને સૌહાર્દનું વાતાવરણ જરૂરી : ભૂપેન્દ્રસિંહ

ગાંધીનગર, તા. ૨૧

પદ્માવત ફિલ્મના પ્રસારણ સંબંધે મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ અને સમગ્ર રાજ્ય સરકારે ક્ષત્રિય સમાજની લાગણીની ચિંતા કરીને તેને ધ્યાનમાં લીધી છે અને હજી પણ નામ. સુપ્રિમ કોર્ટે પદ્માવત ફિલ્મના પ્રસારણ પરના ૪ રાજ્યોએ લગાવેલા પ્રતિબંધને હટાવી લેવાના કરેલા આદેશમાં કાનૂની મર્યાદામાં રહીને સુધારા કરવાના તમામ વિકલ્પો રાજ્ય સરકાર ચકાસી રહેલ છે ત્યારે આ ફિલ્મના પ્રસારણ સંદર્ભે રાજ્યમાં શાંતિ અને સૌહાર્દનું વાતાવરણ જળવાઈ રહે તે માટે રાજ્યના ક્ષત્રિય - રાજપુત સમાજને શિક્ષણ-કાયદો અને ન્યાય મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ અપીલ કરી છે.

# શાળાના પ્રવાસ દરમિયાન અકસ્માતના લીધે માસુમ વિદ્યાર્થીને પગે ગંભીર ઈજા

### વાલીએ અમદાવાદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી : વિદ્યાર્થીના પગને સરખો કરવા ત્રણ મેજર ઓપરેશન થયા : ૧૫ લાખનો ખર્ચ થયો પણ હજુ જમીન પર પગ મુકી શકતો નથી

ગાંધીનગરની હીલવુડ શાળાના સ્કુલ પ્રવાસ દરમિયાન બસનો અકસ્માત થતા ગંભીર રીતે ઘવાયેલા વિદ્યાર્થીના પગ ૭૦ ટકા ડેમેજ થઇ ગયા છે. બે મહીના અગાઉ થયેલા અકસ્માતના અંતે વિદ્યાર્થીની ખબર અંતર પુછવામાં પણ કચાશ રાખતા શાળાના સંચાલકોની બેદરકારી અને ડ્રાઈવરની ગફલતભરી ડ્રાઈવીંગ વિરુધ્ધ ઈજાગ્રસ્ત માસુમના પિતાએ પોલીસ ફરિયાદ પણ નોંધાવી છે.

શાળા સંચાલકો પોતાની શાળાના વિદ્યાર્થીઓ પ્રત્યે બેદરકાર હોવાની અનેક ઘટનાઓ પ્રકાશમાં આવતી હોય છે. દિલ્હીના પ્રદ્યુમન કેસના અંતે તમામ રાજયની પોલીસે પણ શાળા સંચાલકોને ખાસ ગાઈડ લાઈન તૈયાર કરી તેનો અમલ કરવા માટે પણ કડક સુચના આપી હતી. આવા સંજોગોમાં શાળા સંચાલકોની બેદરકારીનો વધુ એક કીસ્સો પ્રકાશમાં આવ્યો છે. શાળાના પ્રવાસ દરમિયાન સ્કુલ બસને અકસ્માત થતા એક વિદ્યાર્થીને ગંભીર ઈજા થતા વાલીએ આ મામલે શાળા સંચાલકોની વિરુધ્ધ બેદરકારીની ફરિયાદ દાખલ કરી છે. સે- ૨૫ માં સ્થિત હીલવુડ સ્કુલના નરોડ વિન્ટેજ વિલેજના પ્રવાસ દરમિયાન પરત ફરતી વેળાએ સ્કુલ બસ નં -જી જે ૧૮ એકસ -૨૭૧૪ દાસ્તાન સર્કલ પાસે આગળ ઉભેલા ટેન્કર સાથે બસ અથડાઈ હતી. જેમાં સ્કુલબસમાં ડ્રાઈવરની કેબિનમાં કંડકટર સીટ પર બેસાડવામાં આવેલા ધોરણ - ૧ માં અભ્યાસ કરતા વિદ્યાર્થી વિવાન મહેશભાઈ પરીખને ડાબા પગના ભાગે ગંભીર ઈજાઓ થવા પામી હતી. વિવાનને ડાબા પગમાં બે મોટા ફેકચર થયા હતા જયારે ખાનગી હોસ્પિટલમાં સારવાર દરમિયાન ૭૦ ટકા પગ ડેમેજ હોવાનુ પણ ધ્યાને આવ્યુ હતુ. શાળા સંચાલકો પણ ડઘાઈ ગયા હતા. ઈજાગ્રસ્ત વિવાનના વાલીએ કોઈમ્બતુર જઈને હોસ્પિટલમાં ત્રણ મેજર ઓપરેશન કરાવ્યા હતા. જયારે ઓપરેશન પાછળ રૂ ૧૫ લાખથી વધુ ખર્ચ થયો હતો. આમછતા વિવાનનો પગ હજુ નોર્મલ થયો નથી. વિવાન જમીન પર પગ મુકી શકતો નથી. વિવાનની આ હાલતના અંતે પણ શાળા સંચાલકો કે શિક્ષકો નિર્દોષ વિવાનની ખબર પુછવાની તકલીફ લીધી નથી. સ્કુલ તેમજ ડ્રાઈવરના ગફલત અને બેદરાકરીના મામલે વિવાનના પિતા મહેશભાઈએ અમદાવાદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી છે.

## પ્રાંતિજ નગરપાલિકાના નિરીક્ષક તરીકે અશ્વિન બારોટ

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરના કોંગ્રેસ અગ્રણી અશ્વિનભાઈ બારોટની પ્રાંતિજ નગરપાલિકાના નિરીક્ષક અને ઈન્ચાર્જ તરીકે પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકીએ નિયુકિત કરી છે.

બારોટને પ્રાંતિજની આ જવાબદારી લોકસભા ૨૦૧૯ની ચૂંટણી સુધી સંભાળવાની રહેશે તેમ પણ તેમના નિયુકિત પત્રમાં જણાવ્યું છે.

# ઉવારસદ ગામે સ્વામિનારાયણ મંદિરનો શાકોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર તાલુકાના ઉવારસદ ગામે સ્વામિનારાયણ મંદિરે પાંચ દિવસીય સત્સંગ જીવન પારાયણ કથા ચાલી રહી છે. આ પારાયણના તૃતીય દિવસે દિવ્ય શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઉવારસદ ગામે ૧૧૮ વર્ષ જુનું સ્વામિનારાયણ મંદિર આવેલું છે. જયાં પાંચ દિવસીય સત્સંગ જીવન કથા પારાયણનું આયોજન કરવામાં આવ્યું છે. આ પારાયણમાં સત્સંગી જીવનની દિવ્યતા અંગે હરિભકતો જ્ઞાન પ્રાપ્ત કરી રહ્યા છે. પારાયણ દરમિયાન વિવિધ પ્રસંગો પણ આવરી લેવાયા છે જે અંતર્ગત તૃતીય દિવસે દિવ્ય શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. શાકોત્સવમાં રોટલા-શાક સાથેની પરંપરાગત વાનગીઓ પીરસવામાં આવી હતી. આ પ્રસાદી કથા પારાયણ અમૃત માણવા મોટી સંખ્યામાં પધારેલા હરિભકતોએ આરોગી હતી તથા કથા પારાયણનું રસપાન કર્યું હતું.

# PNGમાં ભારત ટોચના ૧૦ દેશોમાં ક્યાંય નથી : હજી ૧૬,૨૪૦ કિલોમીટર સુધીની સફર કરી છે!

**ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત**

ભારત અને ગુજરાતને એનર્જીનું હબ માનવામાં આવી રહ્યું છે પરંતુ વિશ્વના નકશામાં ભારત હજી પાઈપલાઈન ગેસના મામલે પછાત છે. વિશ્વના ટોચના દસ દેશોની હરોળમાં પણ આપણે હજી આવી શક્યા નથી. ગુજરાતમાં પાઈપલાઈન ગેસનું મોટું નેટવર્ક છે પરંતુ ભારતમાં હજી આપણે ઘણાં પાછળ છીએ. યુએસમાં ૧૯.૮૪ લાખ કિલોમીટર, રશિયામાં ૧.૬૩ લાખ કિલોમીટર, ચાઈનામાં ૭૪૩૦૦ કિલોમીટર, યુક્રેઈનમાં ૩૬૭૨૦ કિલોમીટર, ઓસ્ટ્રેલિયામાં ૩૦૦૫૪ કિલોમીટર, આર્જેન્ટીનામાં ૨૯૯૩૦ કિલોમીટર, યુકેમાં ૨૮૬૦૯ કિલોમીટર, જર્મનીમાં ૨૬૯૮૫ કિલોમીટર, ઈરાનમાં ૨૦૭૯૪ કિલોમીટર અને ઈટલીમાં ૨૦૨૨૩ કિલોમીટરની ગેસ પાઈપલાઈન છે જ્યારે ભારતમાં હજી આપણે ૧૬૨૪૦ કિલોમીટર સુધી પહોંચ્યા છીએ. આવનારા ત્રણ વર્ષમાં એવો દાવો કરવામાં આવે છે કે ભારતમાં બીજી ૧૦૨૫૮ કિલોમીટરની ગેસ પાઈપલાઈન બિછાવાશે, તો પણ આપણે ૨૬૪૯૮ કિલોમીટર એટલે કે જર્મની સુધી પહોંચી શકતા નથી.

## નર્મદા ડેમમાં ૫૫ ટકા પાણીનો જથ્થો, ઉનાળો આકરો છે - મધ્યપ્રદેશમાં ચૂંટણી છે

**● નર્મદાના પાણીની તંગીનું મુખ્ય કારણ આ છે...**

ગુજરાતમાં નર્મદાના પાણીની તંગીનું મુખ્ય કારણ પાડોશી મધ્યપ્રદેશ રાજ્ય છે. આ રાજ્યમાં વિધાનસભાની ચૂંટણી આવતી હોવાથી મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણે નર્મદાનું પાણી તેમના રાજ્યના ખેડૂતો માટે રોકી રાખ્યું છે પરિણામે ગુજરાતમાં પાણીની તંગી સર્જાય તેવી દહેશત છે. સચિવાલયના સૂત્રોએ કહ્યું હતું કે મધ્યપ્રદેશમાં આ વર્ષે ચૂંટણી છે. હાલ સરદાર સરોવર ડેમમાં પાણીની માત્રા ૪૫ ટકા ઘટી ગઈ હોવાથી ઉનાળાના સમયમાં નર્મદાની કેનાલોમાંથી પાણી મેળવવું દોહ્યલુ બની રહેશે. ગુજરાત સરકારે પણ કહ્યું છે કે ૧૫મી માર્ચથી ખેડૂતોને નર્મદા કેનાલના પાણી આપવામાં આવશે નહીં. ગુજરાતમાં નર્મદા જળાશયમાં હાલ જે પાણીનો સંગ્રહ છે તે છેલ્લા ૧૫ વર્ષનો સૌથી નીચો છે. સરકારે બોર અને કુવાના પાણી ખેડૂતોને વાપરવાની સલાહ આપી છે અને કહ્યું છે કે નર્મદાનું પાણી ગુજરાતમાં પીવા માટે વાપરવાનું હોવાથી સિંચાઈ માટે કન્ટ્રોલ કરવામાં આવશે.

**● ૨૩ રાજ્યોની ચૂંટણીમાં રાહુલની કસોટી થશે...**

ભારતમાં ૨૩ રાજ્યોની ચૂંટણી આવી રહી છે. સૌથી મોટી સામાન્ય ચૂંટણી ૨૦૧૯ની લોકસભાની છે અને તેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કોંગ્રેસના અધ્યક્ષ રાહુલ ગાંધીના પાણી મપાઈ જશે. ૨૦૧૮માં જ્યાં ચૂંટણી આવે છે તે રાજ્યોમાં જોઈએ તો નાગાલેન્ડની ૬૦ બેઠકો છે. કર્ણાટકની ૨૨૪ બેઠકો છે. મેઘાલયની ૬૦ બેઠકો છે. ત્રિપુરાની ૬૦ બેઠકો છે. મિઝોરમની ૪૦ બેઠકો છે. ૨૦૧૯માં લોકસભાની ચૂંટણી મુખ્ય છે. એ ઉપરાંત અરૂણાચલ પ્રદેશની ૬૦ બેઠકો માટે ચૂંટણી થવાની છે. રાજસ્થાનની ૨૦૦ બેઠકો, છત્તીસગઢની ૯૦ બેઠકો, સિક્કીમની ૩૨ બેઠકો, આંધ્રપ્રદેશની ૧૭૫ બેઠકો, મધ્યપ્રદેશની ૨૩૦ બેઠકો, તેલંગાણાની ૧૧૯ બેઠકો, હરિયાણાની ૯૦ બેઠકો, મહારાષ્ટ્રની ૨૮૧ બેઠકો અને ઓરિસ્સાની ૧૪૭ બેઠકોની ચૂંટણી થશે. ૨૦૨૦માં ઝારખંડની ૮૧ બેઠકો અને બિહારની ૨૪૩ બેઠકોની ચૂંટણી થશે. ૨૦૨૧માં કાશ્મિરની ૮૭ બેઠકો, આસામની ૧૨૬ બેઠકો, તામિલનાડુની ૨૩૪ બેઠકો, પશ્ચિમ બંગાળની ૨૯૪ બેઠકો અને કેરળની ૧૪૦ બેઠકોની ચૂંટણી થશે. આમ કુલ ૨૩ રાજ્યોની અને ૨૪મી લોકસભાની ચૂંટણી આ સમયગાળામાં થવાની છે.

## ૨૩ રાજ્યોની ચૂંટણીમાં રાહુલ ગાંધીની કસોટી, વડાપ્રધાન મોદીની પણ અગ્નિપરીક્ષા થશે

**● ભારતનો ઇલેક્શન કિંગ ૫૮નો થયો...**

તામિલનાડુના એક વ્યક્તિને ચૂંટણી લડીને વર્લ્ડ રેકોર્ડ કરવો છે. તે વ્યકિત હવે ૨૦૧૯ની લોકસભામાં પણ ઝંપલાવી શકે છે, જેણે ૨૦૧૪માં નરેન્દ્ર મોદી સામે વડોદરાથી ચૂંટણી લડી હતી. આ વ્યક્તિ ચૂંટણી જીતતો નથી પરંતુ તે કહે છે કે હું જીતવા માટે લડતો નથી. માત્ર રેકોર્ડ બનાવવા લડું છું. મોદી સામે ચૂંટણી લડી ચૂકેલા ડો. કે. પદ્મરાજન તે સમયે ૫૫ વર્ષના હતા અને હવે જ્યારે લોકસભા લડશે ત્યારે તેઓ ૬૦ વર્ષના હશે. ક્વોલિફાઈડ હોમિયોપથી ડોક્ટર એવા પદ્મરાજને અત્યાર સુધી ૧૭૭ ચૂંટણીમાં ઝંપલાવ્યું છે, તેને 'વર્લ્ડ રેકોર્ડ' પ્રસ્થાપિત કરવો છે. તે કહે છે કે હું ઈન્ડિયાનો ઈલેકશન કિંગ છું. સામાન્યરીતે હું પોપ્યુલર લિડરની સામે ઉભા રહેવાનું પસંદ કરૂં છું...' પદ્મરાજન હાલ ૫૮ વર્ષના છે. તેમને ઈલેક્શન કિંગ તરીકે ઓળખવામાં આવે છે. તેઓ બાય ઈલેક્શન પણ લડે છે. તેઓ ભૂતપૂર્વ પ્રધાનમંત્રી નરસિંમ્હારાવ સામે નાન્દીયાલની બેઠક પરથી ચૂંટણી લડ્યા છે. લખનૌથી અટલ બિહારી વાજપેયી સામે લડ્યા છે. કરૂણાનિધિ અને જયલલિથા સામે ચૂંટણી લડ્યા છે. એટલું જ નહીં ડો. અબ્દુલ કલામ, પ્રતિભા પાટીલ સામે રાષ્ટ્રપતિની અને મનમોહનસિંહ જેવા મહાનુભાવો સામે ચૂંટણી લડી છે.

**● પરેશ ધાનાનીની શેડો મિનિસ્ટ્રી, વિપક્ષ તૈયાર છે...**

ગુજરાત વિધાનસભામાં ૮૦ બેઠકો સાથે વિપક્ષનું સ્થાન મેળવ્યું છે તે કોંગ્રેસ વધારે મજબૂત અને તેના સભ્યો તોફાની છે તેથી સરકારને આસાનીથી સત્ર પૂર્ણ થાય તેવું માનવાને કારણ નથી. વિરોધપક્ષના યુવા નેતા પરેશ ધાનાનીએ સરકારને ચારેબાજુથી ઘેરવા માટે શેડો મિનિસ્ટ્રી બનાવી છે, જે ગુજરાતમાં પહેલીવાર થઈ રહ્યું છે. વિપક્ષી નેતા પરેશ ધાનાની વિપક્ષના ધારાસભ્યો વચ્ચે સરકારના ખાતાઓની વહેંચણી કરવાના છે. એટલે કે જે ધારાસભ્યને જે ખાતુ મળે તે ખાતાની વાતો વિધાનસભામાં અને વિધાનસભા બહાર કરવાની જવાબદારી જે તે ધારાસભ્યની રહેશે. સરકારના ખાતામાં બેદરકારી અંગે વિપક્ષના સભ્યો ગુજરાતમાં જાહેરમાં સરકારને ઘેરવાનો પ્રયાસ કરશે. યુકે. કેનેડા અને ઓસ્ટ્રેલિયા જેવા દેશોમાં સત્તાધારી પક્ષની જેમ વિપક્ષ પણ શેડો મિનિસ્ટ્રીની રચના કરતો હોય છે. ભારતમાં પહેલીવાર ગુજરાતમાં આ પ્રયોગ થઈ રહ્યો છે.

## ACS પંકજકુમારની ટ્વિટર પક્કડથી ૩૩ જિલ્લાના ઓફિસરો એક્ટિવ બની ચૂક્યાં છે

**● રેવન્યુ છઝજી પંકજકુમારનો ટ્વિટર પ્રેમ...**

ગુજરાતના સિનિયર આઈએએસ ઓફિસર અને રેવન્યુ વિભાગના એડિશનલ ચીફ સેક્રેટરી પંકજકુમારે રાજ્યના તમામ જિલ્લાઓમાં એક આદેશ બહાર પાડીને સોશ્યલ મિડીયા અને ખાસ કરીને ટ્વિટર એકાઉન્ટ પર અપડેટ રહેવા કહ્યું છે. આ માધ્યમથી લોકોના પેડિંગ કામોનો નિકાલ કરવાનો પણ તેમનો આદેશ છે. પંકજકુમારે નાગરિકોને પડતી હાલાકી દૂર કરવા માટે જિલ્લા કલેક્ટરો ઉપરાંત પ્રાંત ઓફિસર, એસડીએમ અને ડેપ્યુટી કલેક્ટરોને પણ ટ્વિટર એકાઉન્ટની મદદથી પ્રશ્નોનો નિકાલ કરવાની સૂચના આપી છે. પંકજકુમારના આદેશ પછી રાજ્યના ૩૩ જિલ્લાના કલેક્ટરોના ટ્વિટર હેન્ડલ શરૂ કરવામાં આવ્યા છે અને નાગરિકોને તેમની ફરિયાદ કે પ્રશ્ન ટ્વિટર પર મૂકવાનું કહેવામાં આવ્યું છે. ગુજરાતના આ આઈએએસ ઓફિસરે નાગરિકોની ફરિયાદના નિવારણ માટે ટ્વિટરનો ઉત્તમ ઉપયોગ કરી બતાવ્યો છે જેની સરાહના મુખ્યમંત્રી વિજય રૂપાણી તેમજ પીએમઓ ઓફિસે કરી છે.